Extra No. 20
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] MONDAY, JANUARY 12, 2026 / PAUSA 22, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો**

File No : KHD/MAG/e-File/450/2026/066 MAG BRANCH/KHD/0079/01/2026 -અત્રેના જલ્લિામાં વવિધિ દેશના વદિેશી નાગરીકો જુદા જુદા કારણોસર આવી જલ્લિાની હોટલો, ગેસ્ટ હાઉસ, કોલેજ, યુનવિર્સીટી અને હોસ્પટિલોમાં ટૂંકા સમયગાળા માટે રોકાણ તેમજ શાળા, કોલેજ, યુનવિર્સીટીમાં અભ્યાસ અર્થે આવી પરત જતા રહેતા હોય છે. તેઓ કયા કયા સ્થળોએ જઈ, કયાં રોકાણ કરેલ છે તેમજ તેમની મુલાકાતનું સાચુ કારણ જાણી શકાય તેવી સચોટ તેમજ અસરકારક વ્યવસ્થા ઉપલબ્ધ નથી. હોટલ, ગેસ્ટ હાઉસ, કોલેજ, યુનવિર્સીટી અને હોસ્પટિલોમાં પણ તેઓની વગિતો લાંબા સમય સુધી રાખવામાં આવતી નથી. આ બાબતનો લાભ કોઈ પણ આતંકવાદી કે રાષ્ટ્રદ્રોહપ્રિવૃત્તમિાં સંકળાયેલા તત્વો લઈ શકે તેમ છે. જેથી વદિેશી નાગરીકો કયા કારણથી ભારતમાં આવી કયા કયા સ્થળોની મુલાકાત લીધેલ, રોકાણની વગિતો, ક્યાંથી પરત ગયા તે તમામ વગિતો મેળવી શકાય તેમજ તેમની ગતવિધિીઓ ઉપર નજર રાખી શકાય તે માટે “આઈ.વી.એફ.આર.ટી’’ (IVFRT-ઈમીગ્રેશન, વઝિા અને ફોરેનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકગિ) પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે અને આ પ્રોજેક્ટને દરેક દેશની એમ્બેસીઓ સાથે જોડી વદિેશી નાગરીકોની તમામ કાર્યવાહી સરકારશ્રી ધ્વારા તા. ૦૧/૦૮/૨૦૧૩ નારોજ થી ઓનલાઈન કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ ઓવરસ્ટે વદિેશી નાગરીકોને શોધી કાઢવા બાબતે District Police Module (DPM) તા.૨૧/૦૮/૨૦૨૪ થી શરૂ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદની કચેરીએ તેઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/ફોર્મ- સી/જાહેરનામું/૧૨૮૧/૨૦૨૪ તા.૧૮/૦૯/૨૦૨૪ થી વિદેશી નાગરીકોના ઓનલાઈન ફોર્મ-સી ભરી રજીસ્ટર થઈ યુઝર-આઈડી, પાસવર્ડ અને ફોર્મ-સી ભરી તેમા સહી સિકકા કરી એફ.આર.ઓ. કચેરી ખાતે જમા કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. ઉપરોકત વિવરણની નજરે પોલીસ અધિક્ષકશ્રીની સદરહું દરખાસ્ત વાજવી જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઇ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હું હુકમ કરૂ છુ કે, ભારતમાં જુદા જુદા કારણોસર વિદેશી નાગરીકો આવી હોટલ, ગેસ્ટ હાઉસ, મુસાફર ખાનામાં રોકાણ કરતા તેમજ જુદા જુદા પ્રકારની મેડીકલ સારવાર માટે જિલ્લાની જુદી જુદી હોસ્પિટલોમાં રોકાણ કરી મેડીકલ સારવાર કરાવતા અને જુદી જુદી કોલેજ અને યુનિવસીટીર્માં એડમીશન મેળવી અભ્યાસ માટે રોકાણ કરતા વિદેશી વિદ્યાર્થીઓ સહિત આવા તમામ વિદેશી નાગરીકોની જાણકારી મિશન મોર હેઠળ “આઈ.વી.એફ.આર.ટી.” પ્રોજેકટ હેઠળ ઓન લાઈન જોઈ શકાય તે માટે સંબંધિત હોટલ, ગેસ્ટ હાઉસ, મુસાફર ખાના, મોટી હોસ્પિટલ, કોલેજ અને યુનિવસીટીના સંચાલક/માલિક દ્વારા પ્રથમ www.indianfrro.gov.in/frro/FormC તથા www.indianfrro.gov.in/sform વેબસાઈટ ઉપર જરૂરીયાત મુજબ રજીસ્ટર થાય અને રજીસ્ટર થયા બાદ જે તે સંસ્થા/સંચાલક ઓનલાઈન ધ્વારા રજીસ્ટર થયા તેનો યુઝરઆઈડી અને પાસવર્ડ જે તે સંસ્થા/ માલિક તેમની પાસે રેકર્ડમાં રાખે અને યુઝર આઈડી અને પાસવર્ડની માહિતી તેમના પત્ર સાથે પોલીસ અધિક્ષકશ્રી અને ફોરેનર્સ રજીસ્ટ્રેશન ઓફીસરશ્રી કચેરી, આશ્રમ રોડ, રેલ્વે ઓવરબ્રિજ પાસે, એલઆઈબી શાખા, રૂમનં.૧, નડીયાદ, જિ.ખેડા ખાતે મોકલી આપવામાં આવે જેથી કરીને તેઓ રજીસ્ટર થયા અંગેની જાણકારી મળી રહે.

સંબંધિત હોટલ, ગેસ્ટ હાઉસ, મુસાફર ખાના, મોટી હોસ્પિટલ, કોલેજ અને યુનિવર્સીટીમાં જયારે જયારે વિદેશી નાગરીકો રોકાણ માટે તેમજ અભ્યાસ માટે આવે ત્યારે ત્યારે સંબંધિત સંસ્થા/સંચાલક દ્વારા www.indianfrro.gov.in/frro/FormC વેબ સાઇટ ઉપર તેમજ અભ્યાસ માટે આવેલ વિદેશી નાગરીક માટે ફોર્મ-સી ની સાથે સાથે જે તે શાળા, કોલેજ, યુનિવર્સીટી સંચાલક દ્વારા www.indianfrro.gov.in/sform સાઈટ ઉપર જે તે સંસ્થા/માલિક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે, તે યુઝરઆઈડી અને પાસવર્ડથી લોગઈન થઈ ફોર્મ-સી માં જે તે વિદેશી નાગરીકની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજ અપલોડ કરી, માહિતી સેવ કરી તેની પ્રિન્ટઆઉટ મેળવી અને તેમા જે તે સંસ્થા/માલિકની સહી- સિક્કા કરી, જે તે સંસ્થાના રેકર્ડમાં એક નકલ રાખવી તેમજ વ્યસ્થિત ફોર્મ-સી અને ફોર્મ-એસનું જે તે સંસ્થા/માલિકે રજીસ્ટર નિભાવવાનું રહેશે તેમજ જે વ્યક્તિનું ફોર્મ-સી અથવા ફોર્મ-એસ ભરવામાં આવેલ હોય તે ફોર્મ-સી/ફોર્મ-એસ અને જે તે વિદેશી નાગરીકના પાસપોર્ટના કોરા પાન સિવાયની કોપી સાથે તેમના સંબંધિત નજીકના પોલીસ સ્ટેશન, એસ.ઓ.જી. ઓફીસ ડભાણ ચોકડી નજીક નડીયાદ અને પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, રૂમ નં-૧, રેલ્વે ઓવરબ્રિજ પાસે, સરદાર ભવન સામે, નડીયાદ ખાતે ફરજીયાત ફોર્મ- સી/ફોર્મ-એસ પાસપોર્ટ કોપી સાથે જમા કરાવવાનું રહેશે.

આ હુકમ તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ પરવાના નીચેની શરતો અને સૂચનાઓના ભંગ બદલ પણ કાર્યવાહીને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઇ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

--------------

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે**

File No : KHD/MAG/e-File/450/2026/0066 MAG BRANCH/KHD/0080/01/2026 - ખેડા જિલ્લાનાં હદ વિસ્તારમાં આવેલ અલગ-અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં સંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. અવાર-નવાર ધાડ, લુંટ વિગેરે ગંભીર પ્રકારના બનાવો બનતા હોય છે. ગુજરાત રાજય બહારથી મજૂરો કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ-ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાના, નાનીમોટી ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર કામ ધંધા રોજગાર મેળવવા અર્થે આવતા હોય છે. અને આ મજૂરો/કારીગરો જે તે સાઈડ (સ્થળ)/હોટલ-ધાબા / રેસ્ટોરન્ટ / ફેકટરી / કારખાનામાં રહેતા હોય છે. આ મજૂરો/કારીગરોને જે તે વિસ્તારના કોન્ટ્રાકટરો / મુકાદમો / હોટલ-ધાબા / રેસ્ટોરન્ટ / ફેકટરી / કારખાના માલિકો દ્વારા લાવવામાં આવતા હોય છે, જેઓને રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઇ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અનુસરવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યક્તિઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે દેશ/રાજયની આંતરિક સુરક્ષા માટે અનિચ્છનિય હોય તે ઈસમોને લાવનાર કોન્ટ્રાકટરો / મુકાદમો / હોટલ-ધાબા / રેસ્ટોરન્ટ / ફેકટરી / કારખાના માલિકો ઉપર ચોકકસ પ્રકારનાં નિયંત્રણો મૂકી શકાય તે માટે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ સહિતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓએ તેઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૬૧૬/૨૦૨૫, તા.૧૨/૦૫/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જેથી ઉપરોકત વિગતોના ઉપલક્ષ્યમાં પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હું હુકમ કરૂં છુ કે,

1. કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામા /સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

2. દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ/સરનામા અને ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

3. દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના ઓળખકાર્ડ (ચૂંટણી કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

4. દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચૂંટણી કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચૂક આપવાની રહેશે.

5. કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છૂટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચૂંટણી કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, ખેડાનાઓને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

6. કોઈપણ લેબર કોન્ટ્રાક્ટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાક્ટરોથી પાસેથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

- આ હુકમ તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) અમલમાં રહેશે.

- આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ પરવાના નીચેની શરતો અને સુચનાઓના ભંગ બદલ પણ કાર્યવાહીને પાત્ર થશે.

- આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઈ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

--------------

**વંચાણે લીધુઃ-**

(૧) નામ. સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૧૯૯૮/૭૨ તા.૧૮/૦૭/૨૦૦૫.

(૨) એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ મંત્રાલયના ધી નોઈઝ પોલ્યુશન રૂલ્સ, (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦.

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩-મુજબ**

File No : KHD/MAG/e-File/450/2026/0066 MAG BRANCH/KHD/0081/01/2026 - વંચાણ (૧)થી (૨) ની વિગતે ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારૂં અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટે જે નિર્દેશો આપ્યા છે તેમજ એન્વાયરમેન્ટ પ્રોડકશન એક્ટ-૧૯૮૬ ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. વિભિન્ન પાર્ટી પ્લોટ, જાહેર સંસ્થાઓ ખાનગી માલિકોના ફોર્મ તથા અન્ય જગ્યાઓએ મોટા અવાજ કરતા યંત્રો વગાડીને જાહેર જનતાને નુકશાન થાય તેવી રીતે વર્તતા હોય છે. સરઘસો, રેલીઓ અને વરઘોડામાં માઇક, લાઉડ સ્પીકર તથા ડી. જે(ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તીવ્રતાથી મોટા કર્ણભેદી અવાજે ઘોંઘાટમય સંગીત, ગીતો રેલાવી વિધાર્થીઓના અભ્યાસમાં, દર્દીઓના આરામમાં સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી/કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. માઇક, લાઉડ સ્પીકર તથા ડી.જે (ડીસ્ક જોકી) સીસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બની શકે છે. તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરિત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જિલ્લામાં કોઇ પણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે માઇક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સિસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ની જોગવાઈઓ ધ્યાને લેતા માઇક, લાઉડ સ્પીકર તથા ડી. જે (ડીસ્ક જોકી) સિસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના ન.ગુપ્રનિબોર્ડ/નોઇસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/ તા.૧૪-૦૫-૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ

પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ તા. ૧૪/૦૨/૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧-૧-૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે, જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે.

## નોઈઝ સ્ટાન્ડર્ડ

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ db | |
|---|---|---|---|
| | | સવારના ૦૬:૦૦ કલાક થી રાત્રીના૧૦:૦૦ કલાક | રાત્રીના ૧૦:૦૦ કલાક થી સવાર ના ૦૬:૦૦ કલાક |
| એ | ઔદ્યોગિક | ૭૫ | ૭૦ |
| બી | વાણિજ્ય | ૬૫ | ૫૫ |
| સી | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

(A) રાત્રિના સમયગાળામાં રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:૦૦ કલાક સુધીનો સમય નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(B) ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ આગળ તમામ સહેલાઈથી જોઈ શકે તે રીતે સાઇન બોર્ડ લગાવવાની જવાબદારી તેના સંચાલકોની રહેશે તથા નોઈઝ સ્ટાન્ડર્ડમાં જણાવ્યા મુજબ અમલવારી કરાવવી.

(C) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઇએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(D) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઇએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

## હુકમ

વાસ્તે, હું જે.બી.દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ

## પ્રતિબંધિત કૃત્યો

માઇક સિસ્ટમ/ડી.જે.ભાડે આપનાર, માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર દ્વારા સમગ્ર ખેડા જિલ્લાના હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઇક સિસ્ટમ/ડી.જે.ભાડે આપી શકશે નહીં.

1. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને ''શાંતી વિસ્તાર''તરીકે ગણવામાં આવે છે જેથી ''શાંત વિસ્તાર'' ની આજુબાજુમાં માઇક સિસ્ટમ/ડી.જે.નો ઉપયોગ થઇ શકે નહીં.

2. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઇક સીસ્ટમ ડી.જે.માં ઉપયોગ કરવો નહીં.

3. ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન વિગેરે ગરબા જાહેર માર્ગમાં રોકાઇને કરવા નહીં.

4. માઇક સિસ્ટમ/ડી.જે.સિસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ ઇન રીસ્પેકટ ઓફ નોઇઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઇન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઇ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવુ જોઇએ તે જોતા માઇક સિસ્ટમ/ડી.જે.સિસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઇઓનો ઉલ્લંઘન કરતા હોય તે રીતે જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

**માઇક સિસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :**

(1) માઈક સિસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે/અરજદારે પરવાનગી અરજી સબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રીને ૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(2) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(3) ખેડા જિલ્લાના સમગ્ર હદ વિસ્તારના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સિસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહી.

(4) પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(5) પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે. પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુદ્ધિ અનુસાર આપી શકશે.

(6) માઈક સિસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવારના ૦૬:૦૦ કલાક થી રાત્રિના કલાક ૨૨:૦૦ કલાક સુધી જ થશે.

(7) અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ નિયમ), ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સિસ્ટમ/વાજીંત્ર રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સિસ્ટમ/વાજીંત્રના ઉપયોગ માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

**નોંધ :**-ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક .૧૦:૦૦ ના જગ્યાએ ૧૨:૦૦ કલાક વાગ્યા સુધી મળી શકશે.

(8) કોઈપણ વિસ્તારમાં હવામાનમાં ઘોંઘાટ, અવાજનું પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ થી ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

**નોંધ :-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.**

(9) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે તે સંકુલની હદ બહાર જાય નહીં.

(10) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સિસ્ટમ વાજીંત્ર સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવું નહી.

(11) માઈક સિસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન કરે તો તેને અટકાવવા માટે અધિકૃત કોઈપણ અધિકારીશ્રી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનગી ધરાવનારને માઈક સિસ્ટમ/વાજીંત્ર વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

(12) ફરજ પરનાં અધિકારીશ્રી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગેની શરતોનો કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સિસ્ટમ/વાજીંત્ર અને તના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

(13) સાઉન્ડ લિમિટર લગાવ્યા વિનાના કોઈ પણ માઈક સિસ્ટમ/લાઉડ સ્પિકર/પબ્લિક એડ્રેસ સિસ્ટમ/સાઉન્ડ સિસ્ટમ વિગેરેનો જાહેરમાં ઉપયોગ કરી શકશે નહી.

**શિક્ષા**

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રીકે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઈ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

--------------

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો**

File No : KHD/MAG/e-File/450/2026/0066 MAG BRANCH/KHD/0082/01/2026 - પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદની કચેરીના તારીખ ૧૮/૦૯/૨૦૨૪ના પત્ર ક્રમાંક : એલઆઈબી/મ.ભા./જાહેરનામું/૧૨૭૮/૨૦૨૪ થી ભાડુઆત માટેના નિયંત્રણો લાદવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ હતી. ભૂતકાળમાં દેશમાં બનેલ આતંકવાદી હુમલાના બનાવો તથા દેશ તથા રાજ્યોમાં બનતી અન્ય અસામાજિક અને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ ધ્યાને લેતા, રાષ્ટ્ર વિરોધી/સમાજ વિરોધી પ્રવૃત્તિઓ કરતી ગેંગનાં માણસો/અસામાજિક તત્વો રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગી અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડે તેવી સંભાવનાઓને નકારી શકાય નહી. વધુમાં અન્ય રાજ્યોમાંથી તથા દેશબહારથી આવતા અસામાજિક તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રીની ઉક્ત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, જે. બી. દેસાઇ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઇએ, આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ખેડા જિલ્લાના વિસ્તારમાં કોઇ મકાન / દુકાન / ઔદ્યોગિક એકમ (ફેક્ટરી) ના માલિક અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઔદ્યોગિક એકમ (ફેક્ટરી)ના માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન / દુકાન / ઔદ્યોગિક એકમ (ફેક્ટરી) ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન / દુકાન / ઔદ્યોગિક એકમ (ફેક્ટરી) ભાડે આપી શકાશે નહી. ભાડે આપેલ મકાન / દુકાન / ઔદ્યોગિક એકમ (ફેક્ટરી)ની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય, તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમોમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં. | મકાન / દુકાન / ઔદ્યોગિક એકમ (ફેક્ટરી) ના માલિકનું નામ તથા ભાડે આપેલ/મકાન/દુકાન/ ફેક્ટરી જગ્યાની વિગત | મકાન/દુકાન/ ઔદ્યોગિક એકમ (ફેક્ટરી) જગ્યા ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ | મકાન/દુકાન/ઔદ્યોગિક એકમ (ફેક્ટરી) જગ્યા ક્યારે ભાડે આપેલ છે તથા માસિક ભાડું કેટલું ? | કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે, તેમના પાકા નામ, સરનામાં, ટેલીફોન નંબરો સાથે (તમામ વ્યક્તિઓની વિગતો આપવી) | મકાન/દુકાન/ ઔદ્યોગિક એકમ (ફેક્ટરી)ના જગ્યાના માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ-સરનામું અને ટેલીફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

આ હુકમ તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઇ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ.

--------------

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો**

File No : KHD/MAG/e-File/450/2026/0066 MAG BRANCH/KHD/0083/01/2026 - ખેડા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ વિવિધ સરકારી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. કેટલાક ઇસમો સરકારી કચેરીની આસપાસ અથવા કચેરીનાં નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદારો/નાગરિકોને ઉલટી-સીધી કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા (એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઇ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

જેથી આવી પ્રવૃતિ અટકાવવા સારૂ જિલ્લાની તમામ સરકારી કચેરી ખાતે સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઇસમ અથવા ઇસમોની ટોળીને જિલ્લાની તમામ સરકારી કચેરીના સંકુલની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઇ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂઇએ સમગ્ર ખેડા જિલ્લાનાં હદ વિસ્તારમાં આવતી તમામ સરકારી કચેરીઓએ જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવા જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઇરાદાઓ ધરાવતી વ્યક્તિઓને તમામ સરકારી કચેરીઓના સંકુલની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

**સમયગાળો:-** તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)

**વિસ્તાર:-** ખેડા જિલ્લાની તમામ સરકારી કચેરીના સંકુલની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાનો વિસ્તાર.

**શિક્ષા:-** આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવતાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઇ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

--------------

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો**

File No : KHD/MAG/e-File/450/2026/0066 MAG BRANCH/KHD/0084/01/2026 -દેશમાં ભૂતકાળમાં આતંકવાદી હુમલા તથા અલગ અલગ સ્થળોએ થયેલ બોમ્બ ધડાકાઓના કારણે જાનહાનિ અને માલ મિલ્કતને નુકશાન કરવાના બનાવો બનેલ હોય જેમાં ઇલેક્ટ્રીક બોમ્બ વિસ્ફોટ કરવા માટે અસામાજિક તત્વો દ્વારા સાયકલ, મોપેડ તથા જુના વાહનોનો ઉપયોગ કરાતો હોય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલિક સુધી પહોંચવાનું, તપાસ એજન્સીઓ/ પોલીસ માટે ખુબજ મુશ્કેલ બનતું હોય છે. મદહઅંશે આવા વાહનોના વેચાણ વખતે, આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ, ખરીદનાર / ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે, ભાડે આપતા હોય છે. ભૂતકાળમાં મોટા શહેરોમાં બનેલ અમુક બનાવો પરથી, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો આવા રજીસ્ટર્ડ ના થયેલ હોય તેવા સાયકલ/મોપેડ/ વિદ્યુતથી ચાલતા વાહનો ખરીદી કે ભાડે મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગી અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય નહીં.

બહારના રાજ્યોમાંથી તથા દેશબહારથી આવતા આવા તત્ત્વો રજીસ્ટર્ડ ના થયેલ હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો ખરીદી/ભાડે મેળવી, સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદની કચેરીનાં તારીખ ૧૮/૦૯/૨૦૨૪ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૧૨૭૯/૨૦૨૪ થી સાયકલ, મોપેડ અને વિદ્યુતથી ચાલતા વાહનોની જરૂરી નોંધણી બાબતે જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ. પોલીસ અધિક્ષકશ્રીની ઉક્ત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

જેથી હું, જે. બી. દેસાઇ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઇએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ખેડા જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ના થયેલ હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનોનું વેચાણ કરનાર, આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ, જ્યારે જ્યારે આવા નવા વાહનોનું વેચાણ કરે, આવા જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે, જે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યક્તિને ભાડે આપેલ હોય, તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી / આધાર-પુરાવા મેળવીને, નીચેના કોલમોમાં તેની ઓળખની વિગતો ભરીને તે મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ જરૂર જણાયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી માગે ત્યારે તેઓને અવશ્ય આપવાની રહેશે.

**સાયકલ / મોપેડ / વિદ્યુતથી ચાલતા વાહનોનું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓ માટે નિભાવવાના રજિસ્ટરનો નમૂનો**

| અ.નં. | વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે/કોને ભાડે આપેલ છે, તેનું પુરૂં નામ અને સરનામું, ટેલિફોન નંબર /.નંબર | ઉંમર | વાહનનો પ્રકાર | એન્જીન નંબર/ ચેસીસ નંબર | રજુ કરેલ આધાર પુરાવા (જેવા કે રેશન કાર્ડ/ ચૂંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેંકની પાસબુક/પાન કાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેકટ્રીક બીલ/ટેલીફોન બીલ/મોબાઈલ બીલ વિગેરે (ખરીદનાર પાસેથી તેમની સહી થી પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલમાં રાખવી) | વેચાણ બીલ નંબર અને તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

આ હુકમ તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઈ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

-------------

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો.**

File No : KHD/MAG/e-File/450/2026/0066 MAG BRANCH/KHD/0085/01/2026 -ભુતકાળમાં દેશમાં બનેલ આંતકવાદી હુમલાના બનાવો તથા દેશમાં બનતી અન્ય અસમાજિક અને ગેરકાયદેસરની પ્રવૃતિઓ ધ્યાને લેતા, રાષ્ટ્ર વિરોધી/સમાજ વિરોધી પ્રવૃતિઓ કરતી ગેંગના માણસો ઘણીવાર વાહનો મારફતે રાજ્ય બહારથી આવે છે અને હોટલો ઉપર જમવા રોકાતા હોય છે. તેમજ બહારના રાજ્યમાંથી લુંટારા , ધાડપાડુઓ, આંતકવાદીઓ પણ વાહનો મારફતે પ્રવેશતા હોય છે અને હોટલો ઉપર જમવા રોકાય છે. આવા વાહન ચાલકો પોતાના વાહનોમાં પેટ્રોલ, ડીઝલ પુરાવવા પેટ્રોલપંપ ઉપર પણ આવતા હોય છે. તેમજ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં જુદા-જુદા પ્રકારના બનાવો બનતા હોય, જેથી આવી પ્રવૃત્તિ ઉપર નજર રાખી શકાય અને ગુનેગારોને પકડી શકાય. તથા આવા બનાવો અટકાવવા માટે હાઈવે ઉપર તથા શહેર, ગ્રામ્ય વિસ્તારમાં આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, મુસાફર ખાના, લોજ, ઢાબા, રેસ્ટોરન્ટ, ખાણી-પીણીના સ્થળો કે જ્યાં મોટી સંખ્યામાં લોકો આવતા હોય, તેવા તમામ સ્થળો, નાના-મોટા ધાર્મિક સ્થળો કે જ્યાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ એકત્ર થતા હોય તેવા તમામ ધાર્મિક સ્થળો, થિયેટરો, સિનેમાઘરો, મોલ, શોપીંગ સેન્ટરો, તમામ પેટ્રોલપંપ અને તમામ ટોલ નાકા ઉપર C C T V કેમેરા (નાઇટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ મુકવા માટે પોલીસ અધિક્ષકશ્રી, નડીઆદે તેમના પત્ર ક્રમાંક : એલઆઈબી/સીસીટીવી કેમેરા/જાહેરનામું/૧૨૮૩/૨૦૨૪ તા.૧૮/૦૯/૨૦૨૪ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

જિલ્લામાં થતા આવા ગુના અટકાવવા તથા વણશોધાયેલા ગુનાઓ શોધવા માટે મહત્વની કડી મળી રહે તે માટે પેટ્રોલપંપો, હોટલો તેમજ વધારે અવર-જવરવાળા વિસ્તારો ઉપર, જગ્યાઓ ઉપર C C T V કેમેરા (નાઈટ વિઝન તથા હાઈડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારો, ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ કરીને ગુનેગારો વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો રજુ થઇ શકે તે હેતુ જોતાં, પોલીસ અધિક્ષકશ્રી, નડીઆદે ઉક્ત દરખાસ્તથી સુચવ્યા મુજબના સ્થળોએ C C T V કેમેરા રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવાનું પ્રવર્તમાન સંજોગોમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઇ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીયાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છું કે, ખેડા જિલ્લાની હદમાં આવેલ તમામ હોટલો, મોલ, બેન્કો, જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, ટોલ પ્લાઝા તથા તમામ પેટ્રોલ / ડીઝલ પંપો ઉપર C C T V કેમેરા આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ડ્રાઇવર અને તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા હાઇવે ઉપર તથા શહેર/ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મુસાફર ખાના, લોજ, ઢાબા, રેસ્ટોરન્ટ, ખાણીપીણીના સ્થળો કે જ્યાં મોટી સંખ્યામાં લોકો આવતા હોય તેવા તમામ સ્થળો, નાના મોટા ધાર્મિક સ્થળો કે જ્યાં મોટી સંખ્યામાં દર્શનાર્થી એકત્ર થતાં હોય, થિયેટરો, સીનેમાઘરો, શોપીંગ સેન્ટરો ઉપર C C T V કેમેરા (નાઇટવિઝન તથા હાઇડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ ગોઠવવા. વધુમાં સદરહુ કેમેરા એવી રીતે ગોઠવવા કે, વાહન કે વ્યક્તિની ઓળખ થઇ શકે તથા રાત્રિ દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તેવી ગુણવત્તાના કેમેરા રાખવા અને તેમાં ૧૫ દિવસ સુધીનું રેકોર્ડીંગ રહી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા હુકમ કરું છું.

આ હુકમ તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઈ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ.

--------------

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો**

File No : KHD/MAG/e-File/450/2026/0066 MAG BRANCH/KHD/0086/01/2026 - હાલના ટેલીકોમ્યુનિકેશનના યુગમાં છેલ્લા એક દશકામાં આમૂલ પરિવર્તન આવ્યા બાદ આજે મોબાઇલ ફોનનો ઉપયોગ છેવાડાના લોકો સુધી સામાન્ય બની ગયેલ છે. દેશમાં તથા રાજ્યમાં બનતાં ગુનાઓને આખરી અંજામ આપવા અસામાજિક અને દેશવિરોધી તત્ત્વો મોબાઇલ ફોનનો ઉપયોગ કરતાં હોય છે. વધુમાં તાજેતરમાં મોબાઇલ ફોનની ચોરીના બનાવો પણ છેલ્લા કેટલાક સમયથી વધી ગયેલ છે. આવા ગુનાઓના મૂળ સુધી પહોંચવા તથા ચોરાયેલ મોબાઇલ ફોન પરત મેળવવા માટે મોબાઇલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મૂળ સુધી પહોંચવા પ્રયત્ન કરવામાં આવે છે. ઘણા પ્રસંગોમાં મોબાઇલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવ્યા બાદ જણાય છે કે, તે વ્યક્તિએ કોઇ અજાણ્યા ઇસમ પાસેથી મોબાઇલ ખરીદેલ છે. આમ મોબાઇલ ફોનના વપરાશ કર્તા પાસે ચોક્કસ માહિતીના અભાવના કારણે ગુનાના મૂળ સુધી પહોંચી શકાતું નથી. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદની કચેરીએ તેઓના પત્ર ક્રમાંક : એલઆઇબી/જાહેરનામું/૧૨૮૦/૨૦૨૪, તારીખ ૧૮/૦૯/૨૦૨૪થી મોબાઈલ ફોન ખરીદ કરનાર/વેચાણ કરનાર દરેક વેપારીએ નોંધ રાખવા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ મોબાઇલ ફોન ખરીદ/વેચાણ કરનાર દુકાનદાર ખરીદ/વેચાણ કરેલ મોબાઇલ ફોનની વિગતો રજિસ્ટરમાં નોંધે અને નિયમીત રીતે વ્યવસ્થિત ધોરણે નિભાવે તથા વિગતોની આપ-લે સક્ષમ સત્તાવાળાઓને પહોંચાડે તે જાહેર સુરક્ષા અને સલામતીના હેતુસર જરૂરી, વાજબી અને ઇષ્ટ જણાય છે.

વાસ્તે, હું, જે. બી. દેસાઇ જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હું હુકમ કરૂં છું, કે જુના/નવા મોબાઇલ ફોનના વેચનાર/ખરીદનાર દરેક વેપારીએ રજિસ્ટર નિભાવી તેમાં નીચેના કોલમોમાં મોબાઇલ ખરીદનાર/વેચનારની ઓળખની વિગતો નોંધવાની રહેશે, તેમજ નવીન સીમ કાર્ડ વેચનાર દરેક વેપારીએ રજિસ્ટર નીભાવી તેમાં નીચેના કોલમોમાં સીમકાર્ડ ખરીદનારની ઓળખની તમામ વિગતો નોંધવાની રહેશે. તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, તથા માંગણી થયેથી પોલીસ અધિક્ષકશ્રી, સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

**જુના/નવા મોબાઈલ ફોન ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ. નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI NO. | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાંની વિગત | આઇ.ડી.પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**જુના/નવા મોબાઈલ ફોન વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ. નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI NO. | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામાંની વિગત | આઇ.ડી.પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**નવીન સીમ કાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ. નં. | સીમ કાર્ડની વિગત/કંપની | SIM CARD NO. | નવીન સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાંની વિગત | આઇ.ડી.પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

૧. ઉપર મુજબનું રજિસ્ટર જુના /નવા મોબાઇલ ફોન ખરીદનાર/વેચાણ તેમજ નવીન સીમકાર્ડ વેચાણ કરનાર દરેક દુકાનદારે નિભાવવાનું રહેશે અને તેની ફરજીયાત સાચવણી-જાળવણી કરવાની રહેશે.

૨. કોઈપણ દુકાનદારે કોઇપણ ઇસમ પાસેથી જુનો અથવા નવો મોબાઈલ ફોન લેતી વખતે કે તેને વેચાણ કરતી વખતે ઓળખ કાર્ડ કે ઓળખપત્ર જેવા નક્કર પુરાવા સિવાય કોઇપણ વ્યવહાર કરવો નહી.

૩. મોબાઇલ ફોનના નવા સીમકાર્ડ વેચનાર તમામ ડીસ્ટ્રીબ્યુટરો અને રીટેઇલ વિક્રેતા દ્વારા મોબાઇલ સીમકાર્ડનું વેચાણ કરતી વખતે માન્ય ઓળખકાર્ડ તથા રહેઠાણના પુરાવાની અસલ દસ્તાવેજો સાથે ખરાઇ કર્યા સિવાય મોબાઇલ સીમકાર્ડના વેચાણ વ્યવહાર કરવા નહી.

આ હુકમ તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઇ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

--------------

**હુકમ**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો**

File No : KHD/MAG/e-File/450/2026/0066 MAG BRANCH/KHD/0087/01/2026 - હાલ ગુજરાતમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ ઉપવાસ પર બિનપરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. ખેડા જિલ્લામાં પણ નાગરીકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોક્કસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા દાંડી યાત્રા સાથે સંકળાયેલ મુખ્ય માર્ગ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી ખેડા જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્ય અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી ઉપલબ્ધ જોગવાઈઓ નીચે મને મળેલ સત્તાની રૂઈએ તા.૦૮/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, નડીઆદ તથા ખેડા જિલ્લા પંચાયત અને સરદાર ભવન ખાતે આવેલ સરકારશ્રીની વિવિધ વિભાગની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદની કચેરી તથા તાલુકા ખાતે તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરીઓ, પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તથા અન્ય તમામ સરકારી કચેરીઓના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડની બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પરવાનગી વિના પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ ભૂખ હડતાલ ઉપર બેસવા કે સભા/ સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

**અપવાદ:**- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

**શિક્ષા:**- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે.બી.દેસાઇ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

--------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.02 17:14:45 IST